# સંઘ પ્રદેશ દમણ અને દીવ,
# સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,
# દીવ

સં. એએસએફડી/મોબાઇલ-એપ્લી./2019-20/ 1368

તારીખ31/05/2019

## સાર્વજનિક સૂચના

આથી દીવ જીલ્લા ના બોટ માલિકોને તેમજ માછીમાર ભાઇઓ ને જણાવવામાં આવે છે કે મત્સ્યોધ્યોગ કચેરી, દીવ દ્વારા દીવ જિલ્લા ની ફિશિંગ બોટો ના ઉપયોગ માટે ઓનલાઇન મોબાઇલ એપ્લીકેશન "**દીવ સાગર (DIU SAGAR)**" અને વેબ એપ્લીકેશન હાલમાં દીવ પ્રશાસન દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે. આ ઓનલાઇન મોબાઇલ એપ્લીકેશન નો મુખ્ય ઉદેશ્ય દીવ જિલ્લાના બોટ માલિકો અને માછીમારો પોતાની ફિશિંગ બોટ ની મત્સ્યોધ્યોગ કચેરી સંબંધિત દરેક કાર્યવાહી જેમકે ફિશિંગ બોટ ની આવક-જાવક ની એન્ટ્રી, ફિશિંગ બોટ માટે ડીઝલ ખરીદ કરવું, બોટમાં જનાર ખલાસીઓ ની એન્ટ્રી કરવી, વગેરે બોટ માલિકો ઘર બેઠે પોતાના જ મોબાઇલ દ્વારા સરળતાથી કરી શકચે. આ "**દીવ સાગર (DIU SAGAR)**"" મોબાઇલ એપ્લીકેશન બોટ માલિકોએ પોતાના મોબાઇલ ના ગૂગલ પ્લે-સ્ટોર માંથી ફરજિયાત પણે ડાઉનલોડ કરવાની રહેશે ત્યારબાદ મત્સ્યોધ્યોગ કચેરી, દીવ અથવા મત્સ્યોધ્યોગ ઉપ કચેરી, ફિશરીઝ ગોડાઉન, વણાકબારા માંથી વહેલા વહેલી તકે બોટના માલિકો એ પોતાની બોટના યુઝર આઇડી અને પાસવર્ડ પ્રાપ્ત કરવાના રહેશે.

આથી ગંભીરતાથી આપ દરેક બોટ માલિકોને સૂચન કરવામાં આવે છે કે પોતાની બોટ માટે આ "**દીવ સાગર (DIU SAGAR)**"" મોબાઇલ એપ્લીકેશનના યુઝર આઇડી અને પાસવર્ડ ઉપરોક્ત કચેરી થી તુરંત પ્રાપ્ત કરી લેવાના રહેશે. કારણ કે દીવ અને દમણ પ્રશાસન દ્વારા આગામી 16 ઓગસ્ત 2019 થી શરૂ થતી ફિશિંગ સીઝન દરમ્યાન ફિશિંગ બોટ માટે મુવમેંટ બૂક નો ઉપયોગ કરવામાં આવશે નહીં તેમજ ફિશિંગ લાયસેન્સ, ડીઝલ પરમીટ રીનેવલ/ ઇસ્યૂ કરવા સમયે આપની બોટના ઉપરોક્ત મોબાઇલ એપ્લીકેશન ના યુઝર આઇડી અને પાસવર્ડ ની આવશ્યકતા રહેશે.

તેથી કરીને દરેક બોટ માલિકે તારીખ 20/06/2019 પહેલા યુઝર આઇડી તેમજ પાસવર્ડ થી **દીવ સાગર (DIU SAGAR)**"" મોબાઇલ એપ્લીકેશનના સક્રિય (Active) કરાવી લેવી જરૂરી છે.

(સુકર આંજણી )
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ
ઇમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,
1. પ્રમુખશ્રી, નગર પાલિકા પરિષદ, દીવ }
2. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, દીવ } જાણકારી તથા વધુમાં વધુ
3. સરપંચ, ગ્રામ પંચાયત, વણાકબારા, સાઉદવાડી,બુચરવાડા, જોલાવાડી }
4. પ્રમુખશ્રી, દીવ જીલ્લા મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ, }
5. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા,ઘોઘલા,દીવ } પ્રચાર- પ્રસાર માટે

પ્રતિલિપિ પ્રેષિત:-
1. સચિવ, મત્સ્યોધ્યોગ, સચિવાલય, દમણ }
2. માનનીય કલેકટર સાહેબ, કલેકટર કચેરી, દીવ }........... જાણકારી માટે
3. ડેપ્યુટી કલેક્ટર, કલેકટર કચેરી, દીવ }
4. મત્સ્યોધ્યોગ અધીક્ષક, દમણ }